# <u>જાહેરાત</u>

## <u>પુરાતત્ત્વ ખાતું (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ)</u>

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આવેલ ખાનગી હેરિટેજ ઈમારતો તેમજ રાજ્ય રક્ષિત સ્મારકોની જાળવણીમાં સ્થાનિક સંસ્થાઓ સહભાગી બને તે માટે નીચે મુજબની બે યોજનાઓ બહાર પાડેલ છે.

૧. રાજ્યમાં આવેલ હેરિટેજ ઈમારતો જે સરકાર દ્વારા રક્ષિત નથી તથા ૧૫ ઓગષ્ટ-૧૯૪૭થી પહેલા નિર્મિત થયેલ હોય તેવી, જેમાં કિલ્લાઓ, દરવાજાઓ, મહેલો, વાવ, ધાર્મિક ભવનો, કલા અને ઈતિહાસના નમૂનારૂપ પાળિયાઓ, કાષ્ટકલાની દ્રષ્ટિએ મહત્વ ધરાવતી હવેલીઓ વગેરેની જાળવણી માટે શરતાધીન આર્થિક સહાય આપવામાં આવે છે. સહાય માટે માત્ર હેરીટેજ મહત્વના શિલ્પ સ્થાપત્યને ધરાવતા પ્રાચીન સ્થળોને જ વિચારણામાં લેવામાં આવશે.

૨. ચોકીદારો વિનાના રાજ્ય રક્ષિત સ્મારકોની પુરારક્ષણ સિવાયની દેખરેખ તથા સાફસફાઇ સ્થાનિક સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા થાય તે માટે સરકારશ્રીનાં ઠરાવની મર્યાદામાં અનુદાન આપવામાં આવે છે. આ અનુદાન વ્યક્તિગત આપી શકાશે નહિ. સ્થાનિક સ્વાયત સંસ્થાઓને અગ્રિમતા આપવામાં આવશે.

ઉપરોક્ત યોજનાઓમાં રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, ખાનગી ટ્રસ્ટો, શૈક્ષણિક સંસ્થાઓએ તેમની દરખાસ્ત નિયત અરજી પત્રકમાં સંપૂર્ણ વિગતો, જરૂરી દસ્તાવેજો, પ્રમાણપત્રો, આધાર પુરાવાસહ નીચેના સરનામે તા.૧૦-૧-૨૦૧૨ સુધી પહોંચાડવાની રહેશે. **નિયત અરજીપત્રક સિવાયની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી.** <u>બન્ને યોજનાઓ માટે અલગ-અલગ અરજી કરાની રહેશે.</u> અરજીપત્રક ખાતાની કચેરીમાંથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી મેળવી શકાશે. વધુ વિગત વિભાગની વેબસાઈટ www.sycd.gov.in પરથી મેળવી શકાશે અથવા કચેરીનો સંપર્ક કરવો.

નિયામકશ્રી, પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્ય,

અભિલેખાગાર ભવન, પહેલો માળ, ફાયર બ્રિગેડ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭.

ફોન નં.૨૩૨૫૬૭૨૯/૩૦

**રાજયરક્ષિત સ્મારકોની સ્થાનિક સંસ્થા દ્વારા સાફ-સફાઇ, અને દેખરેખ માટે આર્થિક અનુદાન (નાણાકીય સહાય) મેળવવા અંગેનું અરજીપત્રક**

| **સંસ્થાના વડાનો અદ્યતન ફોટોગ્રાફ** |
|---|

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર સ્થાનિક સંસ્થા/સ્થાનિક સ્વરાજયની સંસ્થાનુ નામ, સરનામું, વડાનો ટેલિફોન નંબર, મોબાઇલ નંબર, સંસ્થાનો રજીસ્ટ્રેશનનં. અને વર્ષ<br>સંસ્થાના વડાનું ઓળખકાર્ડ | : |
| ૨ | શરતો મુજબ સંસ્થા રાજયરક્ષિત સ્મારકની સાફ-સફાઇ, દેખરેખ કરવા સહમત છે. તે સ્મારકનું નામ | : |
| ૩ | ગામ, તાલુકો, જીલ્લો | : |
| ૪ | જે સ્મારકોની સાર-સંભાળ રાખવા સંસ્થાની સહમતી હોય તે સ્મારક વિસ્તારના ગામ/તાલુકો/જિલ્લામાં સંસ્થાની શું કામગીરી છે. ? તેની વિગત. | : |
| ૫ | સંસ્થા અન્ય કઇ પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવે છે. | : |
| ૬ | સ્મારકની સાફ-સફાઇ, દેખરેખ, સરકારશ્રીના નિયમોનુસાર ન્યુનતમ સહાયના ધોરણે કરવા સંમત છો (અથવા સંસ્થા દ્વારા અપેક્ષિત સહાય) | : |
| ૭ | દરેક માસના માસિક અહેવાલ અને ફોટોગ્રાફસ મોકલવા | : |
| ૮ | ચેક કોના નામનો મેળવવાનો છે તેની વિગત અંગ્રજીમાં જણાવવી, બેંક પાસબુકની નકલ સાથે. | : |
| ૯ | સંસ્થાના ગત વર્ષના ઓડીટ થયેલ હિસાબોની વિગત | |

સહી
પંચાયત/સંસ્થા/ટ્રસ્ટ/સંગઠનનું નામ
સરનામું
ટેલિફોનનં.
મોબાઇલ નં.

# <u>બાંહેધરી</u>

આથી અમો / અમારી સંસ્થા / ટ્રસ્ટ / સ્વૈચ્છીક સંગઠન / પંચાયત.......................................
.................................................................................................ખાત્રી આપીએ છીએ કે આ અરજીમાં દર્શાવેલ રક્ષિત સ્મારકની પુરારક્ષણ સિવાયની સાફસફાઇ, દેખરેખ, કરવા માટે સંમત છીએ. સ્મારકને સ્વચ્છ તથા મૂળસ્વરૂપમાં રાખવા માટેની કામગીરી કરવામાં આવશે. સંસ્થા દ્વારા સ્મારક ઉપર અપાયેલ સેવા અંગેનો અહેવાલ ખાતાને સમયાંતરે મોકલવામાં આવશે. સંસ્થા નીચે મુજબની કામગીરી કરવા માટે બાંહેધરી આપે છે.

૧. સંસ્થા દરમહિને સ્મારકની સ્થિતિ બાબતે ખાતાને માહિતગાર કરશે.

૨. અમારી સંસ્થા ઠરાવ કરીને આ કામગીરી કરવાની બાંહેધરી આપશે. (ઠરાવની નકલ સામેલ છે.)

૩. ગ્રાન્ટનો ઉપયોગ સ્મારકની સાફસફાઇ અને દેખરેખ માટે કરવામાં આવશે.

૪. સ્મારકની સાફસફાઇ, દેખરેખની કામગીરી અમારી સંસ્થા દ્વારા યોગ્ય રીતે થાય છે કે કેમ તેની સમિક્ષા ખાતા દ્વારા થયેથી અમારી સંસ્થાની જો કામગીરી સંતોષકારક નહી જણાય તો અપાયેલ સહાય ખાતાને પરત કરવામાં આવશે. તે અંગેની અમો બાંહેધરી આપીએ છીએ. તેમજ ગ્રાન્ટ વાપરવાનુ યુટીલાઇઝેશન સર્ટીફીકેટ અમો રજુ કરીશુ.

સહી..........................

| સંસ્થાના વડાનો અદ્યતન ફોટોગ્રાફ |
|---|

## રાજયમાં આવેલ ખાનગી અરક્ષિત હેરીટેજ ઇમારતોના પુરારક્ષણની કામગીરી માટે આર્થિક અનુદાન (નાણાકીય સહાય) મેળવવા અંગેનું અરજીપત્રક

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર સ્થાનિક સંસ્થા/ટ્રસ્ટ/શૈક્ષણિક સંસ્થા/સ્થાનિક સ્વરાજયની સંસ્થા<br>(૧) સંસ્થાનું નામ અને સરનામું,<br>(૨) ટેલિફોન નંબર, મોબાઇલ નંબર<br>(૩) રજીસ્ટ્રેશન અને રજીસ્ટ્રેશન વર્ષ<br>(૪) ચૂંટણી ફોટો કાર્ડની કોપી | :<br>:<br>:<br>:<br>: |
| ૨ | સંસ્થાના ગત વર્ષના ઓડીટ થયેલ હિસાબોની વિગત | : |
| ૩ | જે હેરીટેજ ઇમારતની મરામત માટે સહાય મેળવવાની છે તેની વિગત | : |
| ૪ | હેરીટેજ ઇમારતનું સ્થળ/વિસ્તાર ગામ/તાલુકો/જીલ્લો | : |
| ૫ | ઇમારત સ્થાનિક વિસ્તારમાં કઇ પ્રકારનું મહત્વ અથવા વિશેષતા ધરાવે છે. (જરૂરી પુરાવા સહ) | : |
| ૬ | આ હેરીટેજ ઇમારતની માલિકી કોની છે. (આધાર સહ) | : |
| ૭ | હાલમાં ઉપયોગનો પ્રકાર- પ્રવાસન/જાહેર જનતા માટે/ધાર્મિક | : |
| ૮ | આ હેરીટેજ જાહેર જનતા માટે ખુલ્લુ છે કે કેમ ? | : |
| ૯ | ઐતિહાસિક/પુરાતાત્વીક/ શિલ્પ અને વાસ્તુની દ્રષ્ટિએ શું મહત્વ ધરાવે છે. ? (ઇમારતના ચાર ફોટાઓ બે બહારનાં અને બે અંદરનાં ભાગોનાં) | : |
| ૧૦ | ઇમારત તા.૧૫-૮-૧૯૪૭ના પહેલાની છે. તેના પુરાવા | : |
| ૧૧ | ઇમારતના હેરીટેજ વેલ્યુ (આધાર સહ) | : |
| ૧૨ | મરામતની સૂચિત કામગીરી અંગેનો અંદાજિત ખર્ચ<br>(ડ્રોઇંગ, નકશા, પ્લાન, એસ્ટીમેટ, ફોટોગ્રાફ સહિત)<br>હેરીટેઇજ વેલ્યુ દર્શાવતા ફોટોગ્રાફસ, ફોટા પાછળ સ્મારકનું નામ, ગામ. તા. | : |
| ૧૩ | મરામતની સુચિત કામગીરીના માટે સંસ્થા ૪૦ ટકા ફાળો આપવા તૈયાર છે કે કેમ ? આ અંગે જરૂરી બેંકપાસ બુક, ૪૦ ટકા ફાળો આપવાની તૈયારી અંગેની વિગત | : |
| ૧૪ | સંસ્થા પ્રાચીન ઇમારતોના સમારકામ અંગેની જાણકારી ધરાવે છે કે કેમ ? | : |
| ૧૫ | સૂચિત કામગીરી પુર્ણ કરવાની સમયમર્યાદા | : |
| ૧૬ | સંસ્થાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવી અન્ય ઇમારતો છે. ? | : |
| ૧૭ | ચેક કોના નામનો લેવાનો છે તેની વિગત, બેંક પાસબુકની નકલ સાથે જરૂરી આધારસહ | : |
| ૧૮ | સંબંધિત ગ્રામ પંચાયત/નગર પંચાયતનાં તલાટી/ચીફ ઓફીસરનો (ફરજીયાત) અભિપ્રાય | : |

સહી..............................................

સિક્કો

અરજદારનું નામ/સરનામું

# <u>પ્રમાણપત્ર</u>

આથી અમે/અમારી સંસ્થા/સ્વરાજની સંસ્થા/ટ્રસ્ટ/શૈક્ષણિક સંસ્થા................................ ....................................................................................... ખાત્રી આપીએ છીએ કે આ અરજીમાં દર્શાવેલ હેરીટેજ ઇમારત રીપેરીંગ અંગેની સરકારશ્રીની સહાય રોકડમાં કે અન્ય કોઇ રીતે મેળવેલ નથી. તેમજ સદરહુ ઇમારત અંગેના ખર્ચની રકમના ૪૦ ટકા સુધી અમે/અમારી સંસ્થા / પોતે ભોગવશે તેની આથી બાંહેધરી આપીએ છીએ તેમજ નિયમોનુસાર સૂચિત કામગીરી કરવા અમો બાંહેધરી આપીએ છીએ. વિશેષમાં સદરહુ ઇમારત/સ્મારકનું મુળસ્વરૂપ અને મહત્વની જાળવણી રાખવામાં આવશે અને તેને કોઇપણ પ્રકારનું નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવશે. કાર્ય પૂર્ણ થયેથી કામગીરીનો સચિત્ર અહેવાલ કરવા અમો બાંહેધરી આપીએ છીએ. તેમજ ૪૦ ટકા રકમ અમે/અમારી સંસ્થા / પોતે ભોગવી તે અંગેની જરૂરી આધાર પુરાવા તથા ખર્ચની વિગતો સહ રજુ કરીશુ. તેમજ નિયમોનુસાર આ અંગેના અલગ હિસાબો નિભાવીશુ તથા સહાયની રકમ તથા અમારા ફાળાની રકમના ખર્ચનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું યુટીલાઇઝેશન સર્ટીફીકેટ રજુ કરવામાં આવશે.

તા.    /    /૨૦

અરજદારની સહી..............................

સંસ્થાનું નામ

સરનામું

ટેલિફોન નંબર (રહેઠાણ તથા કચેરી)

મોબાઇલ નં.

સંસ્થાના વડાનુ ઘરનુ સરનામું